વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી–૩૯૬૪૫૦

# પરિપત્ર

**આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલના ભાવોથી નવસારી યુનિવર્સિટીના તમામ વિભાગો/કેન્દ્રોમાં પ્રિન્ટીંગની કામગીરી કરાવવાની મંજૂરી આપવા બાબત..**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ફરજ બજાવતાં તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઈ–ટેન્ડરીંગ મારફતે ભાવપત્રકો મંગાવીને તા.૦૭/૦૧/૨૦૧૭ થી ૩૧/૧૨/૨૦૧૭ (એક વર્ષ) ના સમયગાળા દરમ્યાન પ્રિન્ટીંગની કામગીરી માટે પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ)ની એક પ્રેસ પેનલ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્રેસ પેનલના સ્પર્ધાત્મક અને વ્યાજબી ભાવોથી આપણી યુનિવર્સિટીના વિવિધ વિભાગો/કેન્દ્રો વર્ષ દરમ્યાન ગુણવત્તાસભર પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકે તે માટે નિયુકત સમિતિના સભ્યશ્રીઓ ની ભલામણના અનુસંધાને મા.કુલપતિશ્રીએ આ કચેરીની તા.૧૭/૦૧/૨૦૧૭ની નોંધ પર મંજૂરી આપેલ છે.

યુનિવર્સિટી હેઠળ કાર્યરત વિવિધ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ કેન્દ્રો જરૂર પડયે આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ પૈકી કોઈપણ પાર્ટી/પાર્ટીઓ પાસેથી પોતાના વિભાગની પ્રિન્ટીંગની કામગીરી કરાવી શકશે. આણંદની પ્રેસ પેનલના ભાવોની નકલ નવસારી કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર તા.૧૭/૦૧/૨૦૧૭ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જે આ પરિપત્રની તારીખથી તા.૩૧/૧૨/૨૦૧૭ સુધી જ માન્ય ગણાશે. પ્રિન્ટીંગની કામગીરી માટે થનાર ખર્ચની મંજૂરી જે તે વિભાગે યુનિવર્સિટી ના નિયમાનુસાર સક્ષમ અધિકારી પાસેથી લેવાની રહેશે.

ઉપર્યુકત પરિપત્ર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૨/વેબ–૫૪/૨૦૧૭
નવસારી તા.૧૭/૦૧/૨૦૧૭

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.

**<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :**

આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રેસ પેનલમાં સમાવિષ્ટ પાંચ પાર્ટીઓ (પ્રિન્ટર્સ) તરફ જાણ તથા ઘટતું થવા સારું.